# જય જિનેન્દ્ર

**વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ**

Newspaper Registration No. GUJGUJ10312 •• Postal Registration No. GUJ-553
Vol III, Issue 6 •• September, 2004

F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380051 E-Mail : jayjinendra@jainshasan.com

# માટે જ તો તું ત્યાં છે અને હું અહીં છું

• આનંદમૂર્તિ •

તું વીતરાગ છે, પણ હું વીતરાગ નથી. તું તારા પગમાં ખીર રાંધનારાનુંયે કલ્યાણ ઇચ્છી શકે છે, હું એમ કરી શકતો નથી. તારા પર કષ્ટોની ઝડી વરસાવનાર માટે તું તારાં નયનોમાંથી પાવનકારી અશ્રુબિન્દુઓ વહાવી શકે છે, મારી માટે એ સંભવિત નથી. તારી ઉપર કોઈ તેજોલેશ્યા મૂકી દે તોય તું તો શીતલેશ્યાનો જ પરિચય કરાવે. રાગ તને સ્પર્શેય નહીં ને મારો કેડો મૂકે નહીં. તું દ્વેષથી કરોડો યોજન દૂર, હું તો દ્વેષના દરિયામાં જ મહાલું.

તું સત્યનો પરમ ચાહક, મારે ને સત્યને બાપે માર્યાં વેર. તને પ્રમાદનો પડછાયોય ન ગમે, પ્રમાદ સાથે મારી ગાઢ મિત્રતા કદી ન છૂટે. તું બંધનોને તોડનારો, હું બંધનોમાં બંધાનારો. તારી રગેરગમાં કરુણાની નદીઓ વહે, મારી રગેરગમાં જ્વાળામુખી ભભૂક્યા કરે. તું તદ્દન અપરિગ્રહી, હું તો મળે એટલું ભેગું કરવામાં માનું. તું કહે કે ‘કાં તો બધા સાથે પ્રીત કરવી, કાં તો કોઈ સાથે ના કરવી.’ હું કહું : ‘એમ નહીં, મને ગમે તેની સાથે પ્રીત કરૂં, બાકી બધાને ભડાકે દઉં.’

તું બોલે ત્યાં વાંસળી વાગે, હું બોલું ત્યાં વીજકડાકા થાય. તારા પગલે પગલે જ્વાળા ઠરે, મારા પગલે પગલે આગ લાગે. તારે પગલે નવે નિધાન પ્રગટે, મારા પગલે સૂપડાં સાફ થઈ જાય. તું જ્યાં જાય ત્યાં ખુશ્બૂ ફેલાઈ જાય, હું જ્યાં જઉં ત્યાં લોકો નાકે રૂમાલ મૂકે. તું જ્યાં જાય ત્યાં અમીછાંટણાં થાય, હું જ્યાં જઉં ત્યાં અંગારા વરસે. તારી હાજરીમાત્રથી શાંતિની સ્થાપના થાય, મારી હાજરીમાત્રથી તોફાનો ફાટી નીકળે. તારી આંખોમાંથી કરુણા વહે, મારી આંખોમાંથી તણખા ઝરે.

તારો જીવનમંત્ર ત્યાગ, મારો જીવનમંત્ર ભોગ. તું ‘સોહં’માં માને, હું ‘મોહં’માં માનું. અર્હં તારો મુદ્રાલેખ અને અહં મારો શિલાલેખ. શુક્લલેશ્યા તારો શ્વાસ, કૃષ્ણલેશ્યા મારો પ્રાણ.

તું ચાલે પૂર્વમાં ને હું ચાલું પશ્ચિમમાં.

તું શંકર, હું કંકર. તું રામ, હું રાવણ. તું મોતી હું પત્થર. તું ફૂલ, હું કાંટો.

એ જ તો કારણ છે તારૂં ત્યાં હોવા માટેનું અને મારૂં અહીં હોવા માટેનું.

## સમય ચિંતન

સરળ વ્યક્તિની શુદ્ધિ થાય છે, શુદ્ધ વ્યક્તિનો ધર્મ સ્થિર બને છે, ઘીથી સિંચાયેલા અગ્નિની જેમ તે વ્યક્તિ પરમ નિર્વાણને પ્રાપ્ત કરે છે.

**– ઉત્તરાધ્યયન સૂત્ર**
**અ. ૩, ગા. ૧૨**


## જય જિનેન્દ્ર

વર્ષ ૩, અંક ૬
સળંગ અંક ૩૦
સપ્ટેમ્બર, ૨૦૦૪

■

સંપાદક : નિર્વેદ આચાર્ય

■

જય જિનેન્દ્ર દર માસની પહેલી તારીખે પ્રકાશિત થાય છે.

વાર્ષિક લવાજમ ૧૦૦ રૂપિયા. લવાજમ રોકડેથી, ડ્રાફટથી, એમ. ઓ.થી મોકલી શકાય છે. બહાર ગામના ચેક સ્વીકારવામાં આવતા નથી (એટ પાર પેયેબલ હોય તો ચાલે).

પત્ર વ્યવહારનું સરનામું :
જય જિનેન્દ્ર કાર્યાલય
એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪,
સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર,
અમદાવાદ ૩૮૦૦૫૧


*આ અંકથી શરૂ થઈ રહ્યો છે તદ્દન નવો વિભાગ*

# આગમનાં અજવાળાં

આગમ શબ્દ કાને પડે એટલા માત્રથી જ આપણા મનમાં એક વિશિષ્ટ લાગણી પેદા થાય છે. કોઈ આગમની ભક્તિ કરે છે તો કોઈ તેનો સ્વાધ્યાય કરે છે. કોઈ તેની પૂજા કરે છે તો કોઈ તેનો અભ્યાસ કરે છે. કોઈને આગમમાં વિજ્ઞાન દેખાય છે તો કોઈને તેમાં પ્રભુવાણીનો અર્ક દેખાય છે. જેવી જેની દૃષ્ટિ. આગમો એ એવો ખજાનો છે જેનો પાર પામવા માટે એક જિંદગી પર્યાપ્ત નથી. આ ખજાનામાં જાત જાતનાં રત્નો છે. એક એક રત્ન અણમોલ છે. પ્રત્યેક રત્ન જીવનને પ્રકાશથી ભરી દેવા સક્ષમ છે.

આગમ એ એક એવો દીપક છે જે આપણા અંધકારભર્યા જીવનમાં અજવાળાં ફેલાવે છે. આગમ એ એક એવી નૌકા છે જે આપણને ભવસાગરમાંથી પાર ઊતારીને મુક્તિના કિનારે પહોંચાડે છે. આ કાળઝાળ કળિયુગમાં જો આપણી પાસે આગમો ન હોત તો આપણે પાંખ વિનાનાં પંખી જેવાં પંગુ બની ગયાં હોત.

આ અંકથી *જય જિનેન્દ્ર* આગમોના ખજાનામાંથી વીણી વીણીને મૂલ્યવાન રત્નો આપની સમક્ષ રજૂ કરી રહ્યું છે. વાચકોની ક્ષમતાને ધ્યાનમાં રાખીને અહીં આજની ભાષામાં આગમોનાં તત્ત્વોનો રસાસ્વાદ કરાવવામાં આવશે. આશા છે કે અમારા માનવંતા વાચકો અમારા આ પ્રયત્નને દિલથી વધાવી લેશે.

આ સામગ્રી રજૂ કરશે પૂજનીય મુનિ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ. અમારા વાચકોને તેમનો પરિચય આપવાની જરૂરત દેખાતી નથી. વિદ્વાન જૈન મુનિઓની શૃંખલામાં તેઓ અલગ તરી આવે છે. જૂની વાતોને આજની ભાષામાં રજૂ કરવાની તેમની કળાથી અમારા વાચકો સુપેરે પરિચિત છે. શબ્દોને કેટલી ધાર આપવી અને કેવા વળાંકો આપવા એમાં મુનિશ્રી કુશળ છે. ધગધગતા લાવારસમાં બોળીને લખવાનું હોય કે પછી ઠંડાગાર અમૃતરસમાં ઝબોળીને લખવાનું હોય; બન્ને પદ્ધતિઓ મુનિશ્રીને કલમવગી છે.

વાચકોને વિનંતી છે કે તેઓ પોતાનો અંક સુરક્ષિત કરી લે અને એક પણ અંક વાંચવાનું ચૂકે નહીં. પાછળથી કદાચ આ અંકો ન પણ મળે. પ્રથમ હપ્તા માટે જુઓ પાના નંબર ૪ ઉપર લેખકની ભૂમિકા અને પાના નંબર ૫ ઉપર પ્રથમ હપ્તાનું લખાણ.

# આપનો પત્ર મળ્યો

સજલના બનાવને લઈને તમે જે ચર્ચા ઉપસ્થિત કરી તેણે વિચારતા કરી મૂક્યા. તમારા અંકમાં ઇનામવિજેતા લેખક પૃથ્વી જે. શાહે કેટલાક એવા મુદ્દા ઊભા કર્યા છે જે ખરેખર દિલને હલબલાવી નાખે તેમ છે. લેખકે યોગ્ય રીતે જ કહ્યું છે કે દરેક ગલીમાં એક સજલ હોય છે અને દરેક ગલીમાં એક બીજલ હોય છે. અને ચિત્તને સૌથી વધારે ધણધણાવનારી બાબત એ છે કે સસરો, જેઠ, જમાઈ અને દિયર જેવાં પાત્રો સજલગીરી કરે ત્યારે છુપા ખૂણે આંસુ સારતી બીજલની આંખો લૂછનાર કોણ હોય છે? આવા કેટલાક કદી ન વિચારેલા મુદ્દાઓ પણ લેખકે ઉપસ્થિત કર્યા છે. આપની નિષ્પક્ષતા અને નિર્ભયતા બદલ લાખ લાખ અભિનંદન. સૌથી મોટી વાત તો એ કે તમે તમારા ધર્મ સાથે લાગતું વળગતું ન હોય એવા લેખકોને પણ આ ચર્ચામાં સ્થાન આપીને તમારી ઉચ્ચ કક્ષાની ઉદારતાનો પરિચય આપ્યો. જો કે કેટલાક લેખકોના પત્રો વિષયને અનુરૂપ નહોતા. જોકે તમે પોતે એવું જણાવ્યું પણ છે એટલે એમાં સંપાદકીય ક્ષતિ ન ગણાય. તમારી વિનંતીને માન આપીને જેણે જે લખ્યું તેમાંથી સારભૂત બાબતો આપીને આમ તો યોગ્ય જ કર્યું કહેવાય.

**પરેશ આર. પટેલ** (રાંદેર, સુરત)

આપના પેપરે ઉપસ્થિત કરેલ ચર્ચા સમયસરની હતી. દરેક લેખકે પોતાના ગજા પ્રમાણે નાની-મોટી રજૂઆતો કરી. હકીકતે ચર્ચામાં ભાગ લેનાર દરેક નાગરિકે પોતાના દિલનો આક્રોશ રજૂ કર્યો એમ કહી શકાય. પરંતુ મુખ્ય નિબંધલેખકે તો એવા સવાલો ઊભા કર્યા કે મગજ ચકરાવે ચડી ગયું. અનીતિ કરીને મેળવાયેલી લક્ષ્મી દાનરૂપે સંસ્થાઓમાં આવે તો કેટલા લોકો જતી કરવા તૈયાર થશે? વાત તો વિચારવા જેવી છે. આની ઉપરથી એક વાતનો ખ્યાલ આવ્યો કે ભ્રષ્ટાચારે પોતાનાં મૂળિયાં કેટલાં ઊંડાં નાખી દીધાં છે. વિચારપ્રેરક સામગ્રી રજૂ કરવા બદલ જય જિનેન્દ્રને ખૂબ ખૂબ અભિનંદન. સમાજને સ્પર્શતી આવી વિવિધ બાબતોની ચર્ચાઓ ઉપસ્થિત કરીને સમાજને સતત જાગતા રાખવાનું અને વિચારતા કરવાનું કાર્ય બજાવતા રહેશો એવી આશા સહ –



**વાલાભાઈ પરમાર**

(ઓઢવ, અમદાવાદ)

*'**એક ડાળનાં પંખી**' વિશેષાંકની સરાહના કરતા એટલા બધા પત્રો અમને મળ્યા છે કે અમે માત્ર નામોલ્લેખ કરીએ તો પણ આ અંકનાં બે પાનાં ભરાય તેમ છે. દરેક પત્રને ન્યાય નહીં આપી શકવા બદલ વાચકો અને ચાહકો અમને દરગુજર કરશે. પ્રતિભાવ પાઠવનારા પત્રલેખકોને કહેવાનું કે અમે આપના મૂલ્યવાન પ્રતિભાવોથી ખૂબ ધન્યતા અનુભવીએ છીએ. તંત્રી : જય જિનેન્દ્ર*

> *'આપે મોકલેલ પત્રોની ઝેરોક્સ વાંચીને હું તો કોઈ પ્રતિભાવ આપવાની સ્થિતિમાં જ નથી રહી. આપે જણાવ્યું માટે ઉત્તર રૂપે એટલું જ લખી શકું છું કે આપણા સમુદાયની ખૂબ જ અવદશા થઈ છે. આવું બધું જોવા માટે જીવવું પડ્યું એ બાબત જ દુઃખપ્રેરક બની રહી છે. પ. પૂ. મોટા સાહેબજીની ખોટ સાલે છે. આપે મારો પત્ર છાપ્યો તે પછી ઘણી આડકતરી તપાસ થઈ. પણ મેં અને મારા હાથ નીચેની કોઈ સાધ્વીએ મગનું નામ મરી પાડ્યું નથી.'*
>
> જય જિનેન્દ્રના ૨૬મા અંકમાં અમે જે સાધ્વીજી મ.નો પત્ર છાપ્યો હતો તેમણે પાઠવેલા ઉત્તરમાંથી મહત્ત્વનો અંશ.

## પૂજ્ય મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ

# આગમનાં અજવાળાં

આગમ શબ્દ કાને પડે છે ત્યારે જાણે કોઈ આપણા કાન ઉપર મોરપીંછી ફેરવતું હોય એમ લાગે છે. દુનિયાની આગમાં શેકાયા પછી આગમોનું શરણું 'મા'ની ગોદ જેવું લાગે છે. ચારે બાજુ આગની અનુભૂતિ થતી હોય ત્યારે આગમોનો આધાર પારાવાર શીતળતા બક્ષે છે.

કહે છે કે માણસને મોટી ઉંમરે ડહાપણની દાઢ ઊગે છે. મને ડહાપણની દાઢ ઊગી છે કે નહીં તેની તો ખબર નથી પણ એક વાતની પાકી ખબર છે કે આગમો એ ડહાપણનો એવો ભંડાર છે જેને પામ્યા પછી દુનિયાના ડહાપણની કોઈ જરૂરિયાત રહેતી નથી.

આપણને આગમોનો વારસો આપી જનારા સાધુઓ દુનિયાના સૌથી અલગારી માણસો હતા. પેન, પાનાં અને પુસ્તકોની મદદ વગર તેમણે યુગો સુધી આગમોની ધારા પોતાના શિષ્યોમાં વહાવી હતી. તેમની પાસે રાજમહેલોનો વૈભવ નહોતો છતાં રાજમહેલોના વૈભવમાં આળોટનારા ચક્રવર્તીઓ તેમનાં ચરણ ચૂમતા હતા. તેમની પાસે ફૂટી કોડી જેટલુંયે ધન નહોતું છતાં અબજો રૂપિયાના ધનના માલિકો તેમનો પડ્યો બોલ ઝીલતા હતા.

દુનિયાની અજાયબી જેવા આગમધર સાધુઓ કોમ્પ્યુટરની મદદ વગર કરોડો ટેરાબાઈટનો ડેટા કંઠવગો રાખતા હતા. વાચકોને જણાવવાનું કે ગીગાબાઈટ હવે બહુ જલદી આઉટ ઓફ ડેટ થનાર છે. આવનારો યુગ ટેરાબાઈટનો છે. ટેરાબાઈટનું માપ સમજવું હોય તો એમ કહી શકાય કે અમેરિકાની વિશ્વપ્રસિદ્ધ અને વિશ્વની સૌથી મોટી 'લાઈબ્રેરી ઓફ કોંગ્રેસ'ના વિશાળ પુસ્તકસંગ્રહને જો કોમ્પ્યુટરમાં ટેક્સ્ટ ફોર્મેટમાં સંગ્રહીત કરવામાં આવે તો ૨૦ ટેરાબાઈટ જેટલો ડેટા થાય. આટલા

**અનુસંધાન ૧૦મા પાને**

## આ છે આપણાં પરમ પાવન ૪૫ આગમો

**૧૧ અંગસૂત્રો :** ૧. આચારાંગ, ૨. સૂત્રકૃતાંગ, ૩. સ્થાનાંગ, ૪. સમવાયાંગ, ૫. ભગવતી, ૬. જ્ઞાતાધર્મકથા, ૭. ઉપાસકદશા, ૮. અંતકૃદ્દશા, ૯. અનુત્તરૌપપાતિકદશા, ૧૦. પ્રશ્નવ્યાકરણ અને ૧૧. વિપાકસૂત્ર. **૧૨ ઉપાંગસૂત્રો :** ૧. ઔપપાતિક, ૨. રાજપ્રસેનકીય, ૩. જીવાભિગમ, ૪. પ્રજ્ઞાપના, ૫. જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, ૬. ચંદ્રપ્રજ્ઞપ્તિ, ૭. સૂર્યપ્રજ્ઞપ્તિ, ૮. નરકાવલિ, ૯. કલ્પાવતંસિકા, ૧૦. પુષ્પિકા, ૧૧. પુષ્પચૂલિકા અને ૧૨. વૃષ્ણિદશા. **૪ મૂળસૂત્રો :** ૧. દશવૈકાલિક, ૨. ઉત્તરાધ્યયન, ૩. આવશ્યક અને ૪. પિંડનિર્યુક્તિ. **૬ છેદસૂત્રો :** ૧. દશાશ્રુતસ્કંધ, ૨. કલ્પ, ૩. વ્યવહાર, ૪. નિશીથ, ૫. જીતકલ્પ અને ૬. મહાનિશીથ. **૨ ચૂલિકાસૂત્રો :** ૧. નંદી અને ૨. અનુયોગદ્વાર. **૧૦ પ્રકીર્ણસૂત્રો :** ૧. ચઉસરણ, ૨. ભક્તપરિજ્ઞા, ૩. આતુરપ્રત્યાખ્યાન, ૪. સંસ્તારક, ૫. તંદુલવૈચારિક, ૬. ચંદ્રાવેધ્યક, ૭. દેવેન્દ્રસ્તવ, ૮. ગણિવિદ્યા, ૯. મહાપ્રત્યાખ્યાન અને ૧૦. મરણવિભક્તિ.

૧૧+૧૨+૪+૬+૨+૧૦=૪૫

# આગમનાં અજવાળાં

: ૧ :

# સ્વાધ્યાય

**સામાન્ય અર્થ :** ગણધરોએ રચેલ સાહિત્ય અને એના આધારે રચાયેલ આગમિક અને અન્ય સાહિત્યનું અધ્યયન કરવું, એનું પરિશીલન કરવું, એમાં આવતા પદાર્થો અને તત્ત્વોનું ચિંતન-મનન આદિ કરવું તે સ્વાધ્યાય છે.

ઉત્તરાધ્યયનસૂત્રની વૃત્તિમાં શ્રી શાન્તિસૂરિજી મહારાજે જણાવ્યું છે કે શ્રુતધર્મનું આચરણ કરવું તે સ્વાધ્યાય છે. એનો તાત્ત્વિક અર્થ એ થયો કે માત્ર શ્રુત ગોખી જવું કે ભણી જવું તે સ્વાધ્યાય નથી, પણ શ્રુતમાં જણાવેલ બાબતોનું પરિપાલન કરવું તે સ્વાધ્યાય છે. સાડાંનવ પૂર્વ ભણી ગયેલા અભવ્યને ભણી જવાના અર્થમાં તો શ્રુતનું જ્ઞાન છે જ, પરંતુ શ્રુતમાં જણાવેલ બાબતોનું વાસ્તવિક આચરણ નથી. તેથી જ આટલું જ્ઞાન ધરાવવા છતાં તેનું કલ્યાણ થતું નથી. જ્યારે માસતુસ મુનિ જેવા આત્માઓ ભણી જવાના અર્થમાં શ્રુતધારી ન હોવા છતાં તેમનું કલ્યાણ થાય છે, કેમ કે તેઓ તાત્ત્વિક રીતે શ્રુતધર્મનું આચરણ કરે છે.

**સ્વાધ્યાયના પાંચ ભેદો :**

૧. વાચના, ૨. પ્રચ્છના, ૩. પરાવર્તના, ૪. અનુપ્રેક્ષા અને ૫. ધર્મકથા.

**વાચના :** બીજાને શ્રુતનું દાન કરવું તે વાચના. વાચના લેવી અને વાચના આપવી; ભણવું અને ભણાવવું; આ બધું તાત્ત્વિક રીતે વાચનામાં સમાઈ જાય.

**પ્રચ્છના :** (ઘણા લોકો 'પૃચ્છના' શબ્દનો પ્રયોગ કરે છે તે ખોટું છે.) શ્રુત મેળવતી વખતે મનમાં સવાલો જાગે તેનું સમાધાન મેળવવા પ્રશ્નો ઊભા કરવા તે પ્રચ્છના. પોતાને કોઈ પ્રશ્ન ઉપસ્થિત ન થાય પરંતુ અમુક પ્રશ્ન ઉપસ્થિત કરવાથી બીજાને લાભ થશે તેમ જાણીને પ્રશ્ન ઉપસ્થિત કરાય તે પણ પ્રચ્છના કહેવાય. પ્રચ્છનામાં જાણેલા વિષયોનું સ્પષ્ટીકરણ માગવાનો પણ સમાવેશ થઈ જાય છે.

**પરાવર્તના :** પ્રાપ્ત કરેલ શ્રુતને સ્થિર કરવા માટે વારંવાર તેનું સ્મરણ કરવું, પુનરાવર્તન કરવું વગેરે પરાવર્તના કહેવાય. અત્યારે વ્યવહારમાં સ્વાધ્યાય શબ્દ જે અર્થમાં પ્રચલિત છે તે હકીકતે પરાવર્તના છે. પાઠની આવૃત્તિ પણ પરાવર્તના સ્વાધ્યાય છે.

**અનુપ્રેક્ષા :** એક અથવા વધુ પદાર્થોના વિષયમાં તેના ઊંડાણને પામવાનો પ્રયત્ન કરવો તે અનુપ્રેક્ષા. એક જ વિષયનું વારંવાર ચિંતન કરવાથી તેના નવા નવા અર્થો સ્ફુરે, ક્યારેક કોઈ વસ્તુ ન સમજાઈ હોય તો તે સમજાઈ જાય, કોઈ વિષયમાં બહુ ઊંડા ઊતરી જવાના કારણે ક્યારેક ઘાતી કર્મોનો આત્યંતિક ક્ષય પણ થઈ જાય અને કૈવલ્ય પ્રાપ્ત થાય. આ બધા લાભો અનુપ્રેક્ષાથી મળે. આત્માને નિર્મળ કરવામાં અનુપ્રેક્ષા સૌથી મોટો ભાગ ભજવે છે. અનુપ્રેક્ષાથી મનનાં દૂષણો દૂર થાય છે. આગમકારો સ્પષ્ટ કરે છે કે અનુપ્રેક્ષા એ માનસિક સ્વાધ્યાય છે, વાચિક નથી.

**ધર્મકથા :** પ્રાપ્ત કરેલ શ્રુતને બીજાના

**અનુસંધાન ૧૧મા પાને**

# જિજ્ઞાસા ????? ૫

સમાધાનદાતા : પૂજ્ય મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ

**૨૨. અનેક પુસ્તકોમાં ચૌદપૂર્વધર અને દશપૂર્વધર સાધુઓની વાતો આવે છે. પ્રવચનોમાં પણ આ અંગે સાંભળવામાં આવે છે. પરંતુ અગિયારપૂર્વધર, બારપૂર્વધર વગેરે અંગે કશું કહેવામાં નથી આવતું. આમ કેમ?**

એનું કારણ એ છે કે આપણા આ કાળખંડમાં જેટલા પૂર્વધર મહાત્માઓ થયા છે તે કાં તો દશપૂર્વધર થયા છે અથવા તો ચૌદપૂર્વધર થયા છે. અગિયાર, બાર કે તેરપૂર્વધારી કોઈ મહાત્મા થયા નથી.

મારા આ ઉત્તરના સમર્થન માટે નીચેનું એક પ્રમાણ તમને ઉપયોગી બનશે એમ માનીને અહીં આપું છું –

अस्यामवसर्पिण्यां चतुर्दशपूर्व्यनन्तरं दशपूर्वधरा एव संजाता न त्रयोदशपूर्वधरा द्वादशपूर्वधरा एकादशपूर्वधरा वा।

– ઓઘનિર્યુક્તિવૃત્તિ

**૨૩. હિન્દુ સંન્યાસીઓમાં માધુકરી શબ્દ વપરાય છે. આપણે ત્યાં શું ગોચરીને માધુકરી કહી શકાય?**

અરે મુનિરાજ, દીક્ષાજીવનના આરંભે જ તમને માધુકરી શબ્દ તમારા પૂજનીય ગુરુદેવે શીખવ્યો હશે ને!

जहा दुमस्स पुप्फेसु भमरो आवियइ रसं।
ण य पुप्फं किलामेइ सो य पीणेइ अप्पयं॥
एमे ए समणा वुत्ता जे लोए संति साहुणो।
विहंगमा व पुप्फेसु दाणभत्तेसणे रया॥

આમાં અપ્રગટપણે માધુકરી શબ્દ આવી જ ગયો. બન્યું છે એવું કે ગોચરી શબ્દની રૂઢિ થઈ ગયા પછી આપણને માધુકરી શબ્દ જરા અડવો લાગે છે! [અને પાછો તે હિંદુઓનો લાગે છે!]

**૨૪. રોચક સમ્યક્ત્વ કોને કહેવાય?**

સદનુષ્ઠાનની રુચિ પાકી હોય પણ આચરણ ન હોય તે રોચક સમ્યક્ત્વ કહેવાય.

यत्तु सदनुष्ठानं रोचयत्येव केवलं, न पुनः कारयति तद् रोचकम्। (શ્રી મલયગિરિસૂરિ રચિત આવશ્યકવૃત્તિ)

આવશ્યકચૂર્ણિમાં रोचगं सेणियादीणं એમ કહીને રોચક સમ્યક્ત્વ માટે શ્રેણિક રાજાનો દાખલો આપ્યો છે.

**૨૫. ગૌતમસ્વામીની લબ્ધિ વિષે ઘણું કહેવાયું છે. શું બીજા ગણધરોને આવી લબ્ધિઓ હોય છે?**

સર્વ ગણધરો બીજબુદ્ધિસંપન્ન, સર્વાક્ષર-સન્નિપાતી અને સર્વલબ્ધિઓથી યુક્ત હોય છે. સામાન્ય રીતે ગણધર સંબન્ધી વક્તવ્ય કરવાનું હોય ત્યારે પ્રથમ ગણધરને નજર સામે રાખવામાં આવતા હોવાથી આપણા કાને ગૌતમ ગણધરનું નામ વારંવાર પડે છે. આવશ્યકનિર્યુક્તિમાં સ્પષ્ટ રીતે કહ્યું છે કે 'सव्वे वि य सव्वलद्धिसंपण्णा।'

– આવશ્યકનિર્યુક્તિ ગા. ૬૫૯

**૨૬. તપનો સમાવેશ રત્નત્રયીના કયા વિભાગમાં થાય?**

સ્વાભાવિક રીતે જ એ ચારિત્રમાં સમાય.

■■

# જૈન ધર્મનું શબ્દજ્ઞાન (૭)

## ~~~~~~~~~~~~~ પારિભાષિક જૈન શબ્દોનો અર્થ ~~~~~~~~~~~~~

**આશાતના**[૧]=અવહેલના; અપમાન; અનાદર; તિરસ્કાર; શાસનને હાનિ પહોંચે તેવી પ્રવૃત્તિ.

**આશાતના**[૨]=જ્ઞાનલાભ અને સમ્યક્ત્વને બાધા પહોંચે તેવી પ્રવૃત્તિ.

**અતિશય**=વિશેષતા; બીજા કરતાં કંઈક અલગ એવો વિશિષ્ટ પુણ્યપ્રભાવ.

**સમવસરણ**[૧]=તીર્થંકરોની દેશના માટે દેવનિર્મિત ત્રિસ્તરીય પ્રવચનમંડપ.

**સમવસરણ**[૨]=અતિવિશિષ્ટ પ્રયોજન ઊભું થવાથી બોલાવવામાં આવતું સર્વ સાધુઓનું સમ્મેલન.

**શ્રુત**[૧]=સાંભળીને પ્રાપ્ત કરાયેલું જ્ઞાન; ગુરુ પરંપરામાં મૌખિક રીતે ઊતરી આવેલું જ્ઞાન.

**શ્રુત**[૨]=જ્ઞાનના પાંચ ભેદ પૈકી બીજો ભેદ.

**શ્રુત**[૩]=લેખિતરૂપે સચવાયેલું સાહિત્ય; સિદ્ધાંત; શાસ્ત્ર.

**જ્ઞાનપૂજન**[૧]=પુસ્તક, પોથી, પાનાં વગેરેની વાસક્ષેપ વગેરે દ્વારા કરાતી પૂજા.

**જ્ઞાનપૂજન**[૨]=વિનયપૂર્વક અધ્યયન, સ્વાધ્યાય; જ્ઞાન પ્રત્યેનું આંતરિક બહુમાન.

**વૈયાવૃત્ય**[૧]=સંયમી આત્માઓને તેમના સંયમમાં પોષક બને તે માટે વિધિપૂર્વક નિર્દોષ આહાર, ઔષધ, ઉપકરણ આદિ ઉપલબ્ધ કરાવવું.

**વૈયાવૃત્ય**[૨]=સેવા; ભક્તિ; શુશ્રૂષા.

**વૈયાવચ્ચ**[૧] અને **વૈયાવચ્ચ**[૨] ઉપર પ્રમાણે.

**ઉપધિ**=સાધુ-સાધ્વીઓ દ્વારા ઉપયોગમાં લેવાતાં સંયમ નિર્વાહમાં આવશ્યક હોય તેવાં વસ્ત્ર-પાત્ર આદિ ઉપકરણો.

**ભાવના**[૧]=નિશ્ચિત પ્રકારની માનસિક વિચારધારા; વિશિષ્ટ પ્રકારનું ચિંતન.

**ભાવના**[૨]=દેરાસર વગેરે ધર્મસ્થળમાં યોજાતો ભક્તિગીતોનો કાર્યક્રમ; ધાર્મિક હેતુસર કરવામાં આવતું રાત્રિજાગરણ.

**શબ્દો અંગે વિશેષ નોંધ :**

૧. તીર્થંકરો જેટલી વાર દેશના આપે એટલીવાર દરવખતે સમવસરણની રચના થાય જ એવું નક્કી નથી હોતું.

૨. ગંભીર પ્રયોજન વિના સાધુઓનો સમૂહ એકત્રિત થાય તેને સમવસરણ ન કહેવાય.

૩. જ્ઞાનીની ભક્તિનો સમાવેશ પણ જ્ઞાનપૂજનમાં થાય છે.

૪. ચિંતનરૂપ ભાવનાઓના ચાર અને બાર પ્રકારો હોય છે. ચાર ભાવનાઓમાં મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યનો સમાવેશ થાય છે, જ્યારે બાર ભાવનાઓમાં અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આશ્રવ, સંવર, નિર્જરા, લોકસ્વભાવ, બોધિદુર્લભ અને ધર્મનો સમાવેશ થાય છે. શાસ્ત્રોમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વૈરાગ્ય એ ચાર ભાવના પણ જોવા મળે છે.

*શું આપ જૈન શબ્દોના અર્થ જાણવા માગો છો? તો અમને આજે જ યોગ્ય શબ્દનું સૂચન કરો. એક વાત ખાસ ધ્યાનમાં રાખજો કે અહીં મોટેભાગે સામાન્ય વાચકોના સ્તરને નજર સામે રાખીને વ્યવહારમાં બોલાતા પારિભાષિક શબ્દોનો અર્થ જ આપવામાં આવે છે. ભારે તત્ત્વજ્ઞાનવાળા શબ્દોનો અર્થ આપવામાં આવતો નથી.*

# જય જિનેન્દ્ર પાઠશાળા

પ્રિય બાળદોસ્તો,

આ અંક તમારા હાથમાં આવશે તેના થોડા સમયમાં જ પર્વ પર્યુષણ આવશે. પર્યુષણ પર્વને પર્વાધિરાજ કહે છે. તે સૌ પર્વોમાં મોટું પર્વ છે. આ દિવસોમાં ઘરે ઘરે ઉપવાસ, એકાસણાં વગેરે તપસ્યાની લાઈનો લાગશે. આ પર્વના દિવસોમાં નાનાં નાનાં બાળકો પણ અઠ્ઠાઈ તપ કરીને પોતાના જીવનને યાદગાર બનાવે છે.

દોસ્તો, જો તમારી ઉંમર બાર વરસની અંદર હોય અને જો તમે આ પજુસણમાં અઠ્ઠાઈ તપ કરો તો તમારો સુંદર મજાનો ફોટો તમારા પરિચય સાથે અમને મોકલી આપશો. અમે તેને આપણી પાઠશાળામાં પ્રકાશિત કરીશું. જો તમારી ઉંમર સાત વરસની અંદર હોય અને તમે અઠ્ઠમનું તપ કર્યું હોય તો પણ તમે તમારો ફોટો અમને મોકલશો.

પર્યુષણમાં વિશિષ્ટ તપ કરનારા બાલ્યવયના પૂજનીય ગુરુ ભગવંતો પણ તેઓનો ફોટો અમને મોકલી આપે.

પ્રભુ મહાવીર ઉપર લખાયેલા પત્રોમાંથી ગયા અંકમાં અમે એક પત્ર પ્રકાશિત કર્યો હતો, આ અંકમાં અમે બીજો પત્ર પ્રકાશિત કરી રહ્યા છીએ. વધુ પત્રો હવે પછી.

## જત લખવાનું કે...

હે કરુણાવંત પ્રભુ મહાવીર,

તમો સિદ્ધશિલા ઉપર આનંદ કરો છો.

તમને ક્ષેમકુશળ તો છે ને?

હું આપની કૃપાથી અને આપની કરુણાથી આપના શાસનમાં લીલાલહેર કરી, સામાયિક, પ્રતિક્રમણ, પૂજા, રાત્રિભોજન ત્યાગ, પાંચ તિથિ આયંબિલ - એકાસણું વગેરે કરી તમારા જેવા થવાની મથામણમાં છું.

તું મને બહુ જ યાદ આવે છે.

મોહમાયામાં મસ્ત બનેલો એવો પણ હું જ્યારે સ્નાત્રપૂજામાં તારી યાદોનાં ગીતો ગાઈ ગાઈને તારી સાથે એકમેક થઈ જાઉં છું ત્યારે તો જાણે હું આખા જગતને ભૂલી જઉં છું. ભક્તિની એ પળોમાં તો હું ખાવું, પીવું, એશ-આરામ; અરે આ આખા સંસારને પણ ભૂલી જાઉં છું.

મને એમ વિચાર આવે છે કે તેં મોહ-માયા અને પાંચે ઇન્દ્રિયોને કેવી રીતે જીત્યાં હશે? આ બધું યાદ આવતાં હે વીરપ્રભુ, એકાંતમાં ધ્રુસકે ધ્રુસકે રડી લઉં છું. મારાથી તારી જેવા થઈ શકાતું નથી તેથી હું કેવો ભારેકર્મી હોઈશ તે મને સમજાતું નથી. અરે પ્રભુ, બોલો બોલો ને મીઠડા બોલ, અંતર ખોલ, તારી વાણીએ મારૂં મનડું મોહી લીધું છે. તેથી જ હું મારા હૈયાની વાત તારી પાસે પત્રમાં કરતાં અચકાતો નથી. બસ, તું જ મને ઉગારીશ એવી શ્રદ્ધાથી એકાંતમાં તારા જેવી મુદ્રામાં બેસી ધ્યાન ધરી લઉં છું. બસ, તું મારી સામે એકવાર નયનો મિલાવી દે પછી તો મારાં શીતલ થાય અંગ. મને એમ થાય છે કે જાણે કેટલુંયે લખું, પણ વિરમવું તો પડશે જ.



તારી જેવા થવા તારી ભક્તિ કરીશ. એ સિવાય મારા ઉરમાં કોઈ માગણી નથી.

પત્રલેખિકા : **જિજ્ઞા એન. શાહ** (પાલડી, અમદાવાદ)

# આપનું પુસ્તક મળ્યું...

## આબૂ તીર્થોદ્ધારક દંડનાયક મંત્રીશ્વર વિમલ

***લેખક :*** *પૂ. આ. શ્રી પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મહારાજ*
***પ્રકાશક :*** *પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન*
***પ્રાપ્તિસ્થાન*** *: રમેશભાઈ રિખવચંદ સંઘવી*
*બી ૩, રતનભવન એપાર્ટમેન્ટ, રામજીની પોળ, હનુમાન ચાર રસ્તા, ગોપીપુરા, સુરત ૩૯૫૦૦૨*
***મૂલ્ય :*** *૧૦૦ રૂપિયા.* ***પૃષ્ઠ સંખ્યા :*** *૧૦+૨૩૬*

સિદ્ધહસ્તલેખક આચાર્યશ્રીની મૂળ ગુજરાતી કૃતિનો આ હિંદી અનુવાદ છે. પૂજનીય આચાર્યશ્રીનાં રસભરપૂર ગુજરાતી લખાણોથી જૈન સમાજ સુપેરે પરિચિત છે. હવે હિંદી ભાષામાં પણ તેઓશ્રીની સાહિત્યપ્રસાદી બહાર આવી છે.

મંત્રીશ્વર વિમલના નામથી કોણ અજાણ હશે? ગુજરાતના નામને દુનિયામાં રોશન કરનારાં જે ઐતિહાસિક પાત્રો થઈ ગયાં છે તેમાં વિમલમંત્રીનું નામ ટોચની દસ વ્યક્તિઓમાં મૂકવું પડે. આજ સુધીમાં વિમલમંત્રીને લગતી ઘણી ઐતિહાસિક વિગતો અત્ર તત્ર લખાઈ છે પરંતુ વિમલમંત્રીની કથા સાંગોપાંગ લખાઈ હોય તેવું જોવા મળ્યું નથી. આ ખોટ આચાર્યશ્રીએ પૂરી કરી તે વાચકોનું સૌભાગ્ય ગણાય.



અહીં વિમલમંત્રીનું સંપૂર્ણ કહી શકાય તેવું જીવનચરિત્ર ઉપલબ્ધ છે. મંત્રીશ્વરના પૂર્વજોથી શરૂ કરીને તેમના જીવનના સમગ્ર ઘટનાચક્રને પુસ્તકમાં આવરી લેવાયું છે. પ્રાસંગિક રીતે અનેક ઐતિહાસિક વિગતોના તાણાવાણા ગૂંથીને કથાને રમ્ય અને રોચક બનાવવાનો પ્રયત્ન કરાયો છે. ખરૂં કહીએ તો આ કથામાં પ્રાચીન ગુજરાતના ઈતિહાસના એવા કેટલાયે મણકાઓ છે, જે આખી માળાને એક નવો જ નિખાર આપે છે. સૌથી મોટી વાત તો એ છે કે કનૈયાલાલ મુનશીએ ગુજરાતના ઈતિહાસ સાથે રમત રમીને પોતાના વિકૃત અને ગંદા માનસનું જે દર્શન કરાવ્યું છે એની સામે આ પુસ્તક રાખીએ તો એમ ચોક્કસ કહી શકાય કે વિદ્વાન સિદ્ધહસ્ત લેખકશ્રીએ ગુજરાતની ઐતિહાસિક વિગતોને નવલકથાના નકલી ચળકાટના બદલે ઈતિહાસના વાસ્તવિક પરિપ્રેક્ષ્યમાં ઢાળવાનો પુરષાર્થ કર્યો છે.

એક ભાષામાંથી બીજી ભાષામાં અનુવાદ કરવાનું કાર્ય ખૂબ કપરૂં છે. પ્રસ્તુત અનુવાદમાં નજર કરતાં હિંદી રૂપાન્તરની કચાશ દેખાઈ આવે છે. હિંદીમાં વિભક્તિઓના પ્રત્યયો લગાડવામાં સાવધાનીનો અભાવ સ્પષ્ટ દેખાય છે. નુક્તા લગાડવામાં પણ ચીવટ રખાઈ હોય એમ લાગતું નથી. તદુપરાંત અનુવાદમાં બીજી પણ હિંદી વ્યાકરણ સંબંધી અનેક નાની-મોટી ક્ષતિઓ છે. આશા રાખીએ કે આ પુસ્તકના હિંદી અનુવાદના પુનર્મુદ્રણ અવસરે બધી ક્ષતિઓ સુધારી લેવામાં આવશે. ભવિષ્યમાં પૂજનીય વિદ્વાન આચાર્યશ્રીના અન્ય સાહિત્યના અનુવાદ સમયે સંચાલકો ચીવટ રાખશે તો લેખકની પ્રતિષ્ઠાને અનુરૂપ કાર્ય થશે.

પ્રકાશકોના જણાવ્યા મુજબ અનુવાદક શ્રી મનોહરજી સિંઘી સ્વયં શબ્દશિલ્પી છે. ઉપરાંત તેઓ સાહિત્યરત્ન પણ છે. સાથોસાથ શ્રી શેખરચંદજી જૈન અને શ્રી જે. કે. સંઘવી જેવા હિંદી ભાષાના ધુરંધરોની નજર તળેથી નીકળ્યા પછી પણ જો અનુવાદમાં મોટી સંખ્યામાં ક્ષતિઓ રહી હોય તો તેની ગંભીરતા વધી જાય છે. પુસ્તકના મુખપૃષ્ઠ ઉપર પણ तीर्थोध्द्धारक ના બદલે तीर्थोद्धारक હોત તો કેવી મજા આવત!

**ચોથા પાનાનું ચાલુ**

ડેટા જેટલા શ્લોકો બોલવા હોય તો – હું યાદ રાખવાની વાત નથી કરતો માત્ર બોલી જવાની વાત કરૂં છું – કેટલો સમય લાગે? આટલા શ્લોકોનો સ્વાધ્યાય કરતાં ચૌદપૂર્વધર મહાત્માઓને માત્ર ગણતરીની મિનિટો જ લાગે!

એક કલ્પના કરો કે તમે દુનિયામાં સૌથી વધારે સ્પીડમાં નવકાર બોલી શકો છો અને એક નવકાર બોલી જતાં તમને પાંચ સેકંડ લાગે છે. તો એક કરોડ નવકાર ગણતાં તમને પાંચ કરોડ સેકંડ લાગે. એટલે કે પાંચસો અઠ્યોતેર દિવસ એટલે કે દોઢ વરસ ઉપર બે દિવસ લાગે.

ફરીથી સમજો. જો એક નવકાર ગણવાની તમારી ઝડપ પાંચ સેકંડ હોય અને તમે ખાધા-પીધા-ઊંઘ્યા વગર નૉનસ્ટોપ પાંચસો ને અઠ્યોતેર દિવસ સુધી અખંડ જાપ કરો ત્યારે તમારા એક કરોડ નવકાર પૂરા થાય!

કોઈ તમારી સામે ડંફાસ મારતું હોય કે અમુક સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકાએ પાંચ કરોડ કે અમુક કરોડ નવકાર મંત્રના જાપ કર્યા છે તો બચ્ચાંલોગની જેમ મૂંડી હલાવી ન કાઢતા. હિસાબ માગજો. રોજની કેટલી માળા ગણતા હતા? કેટલા સમયમાં? મહિનાની કેટલી થઈ? વરસની કેટલી થઈ? અમુક કરોડ સુધી પહોંચતાં કેટલાં વરસ થયાં? વગેરે વગેરે. ગોળીઓ ગળાવનારા લોકોથી સાવધાન!

મૂળ વાત પર પાછા જઈએ. ઉપર જણાવેલી ઝડપે, અખંડ, એકધારા, એક સેકંડનુંયે આંતરૂં ન પડે એવી રીતે, ખાધા-પીધા-ઊંઘ્યા વગર જો કોઈ માણસ પાંચસો અઠ્યોતેર દિવસ સુધી સતત નવકાર ગણે અને જાપની જે એક કરોડ સંખ્યા થાય તેટલા જાપ ચૌદપૂર્વધર મહાત્મા ગણતરીની મિનિટોમાં જ કરી નાખે! હવે આવા મહાત્માઓ સંપૂર્ણ આગમિક વાઙ્મય કંઠસ્થ રાખી શકે એમાં શું નવાઈ છે?

ચૌદપૂર્વધર મહાત્માઓમાં જો આવી અગાધ શક્તિ હોય તો જેમણે સાક્ષાત સૂત્રોની રચના કરી હશે તે ગણધરો કેવા હશે? અને એવા ગણધરોએ ગૂંથેલાં આગમો કેવાં હશે?

એવા આગમોના વિશાળ ખજાનામાંથી હું તમારી માટે વીણી વીણીને અહીં ઉપયોગી વસ્તુઓ રજૂ કરવાનો છું. આ આગમિક તત્ત્વોનો સ્વાધ્યાય એ જ વાસ્તવિક સ્વાધ્યાય છે. એ તત્ત્વોનું પરિશીલન એ જ સાચું પરિશીલન છે. એ તત્ત્વોનું ચિંતન એ જ સાચું ચિંતન છે. અહીં અપાનારી વસ્તુઓ સાધુ-સાધ્વીજીઓને તો ઉપયોગી નીવડશે જ, પણ શ્રાવક-શ્રાવિકાઓને પણ એટલી જ ઉપયોગી નીવડશે.

**જય જિનેન્દ્ર સ્વાધ્યાય સ્પર્ધા - ૬ નો ઉકેલ**

૧. ઈન્દ્રભૂતિ / ૨. ઇરિયાસમિતિ / ૩. ઇચ્છામિ / ૪. ઈન્દ્ર / ૫. ઈશાન / ૬. ઈતિ / ૭. ઇચ્છં / ૮. ઇંગાલકર્મ / ૯. ઈશિત્વ / ૧૦. ઇરાવતી / ૧૧. ઈન્દ્રદિન્ન / ૧૨. ઈક્ષુરસ / ૧૩. ઈહા / ૧૪. ઇચ્છકાર / ૧૫. ઈક્ષ્વાકુ / ૧૬. ઇષ્ટફલસિદ્ધિ / ૧૭. ઇન્દ્રિયો / ૧૮. ઇન્દુ / ૧૯. ઇત્વરકથિક / ૨૦. ઇચ્છા / ૨૧. ઇહલોગાસંસપ્પઓગે / ૨૨. ઇલિકા-ભ્રમરી / ૨૩. ઈશાનેન્દ્ર / ૨૪. ઇન્દિરા / ૨૫. ઇલાચીકુમાર / ૨૬. ઈશ્વર / ૨૭. ઇક્ષુકાર / ૨૮. ઈડર / ૨૯. ઈર્ષ્યા / ૩૦. ઇનામ.

■ ■ ■

જય જિનેન્દ્ર 'સ્વાધ્યાય સ્પર્ધા - ૬'ના વિજેતા :

સિદ્ધાર્થ નરેશભાઈ મંડલીયા (વાપી)

તેમને ઇનામ રવાના કરી દેવાયું છે.

**પાંચમા પાનાનું ચાલુ**

લાભાર્થે ઉપદેશરૂપે રજૂ કરવું તે ધર્મકથા. શાસ્ત્રાનુસારી વ્યાખ્યાન, શાસ્ત્રગત પદાર્થોનું જાહેર નિરૂપણ, પ્રભુવચનોની દેશના; આ બધું ધર્મકથામાં આવી જાય. ધર્મકથા એટલે માત્ર ધાર્મિક વાર્તા એમ નહીં, ધર્મકથા એટલે ધર્મપ્રવચન.

વધુમાં વધુ સારી રીતે ધર્મકથા કરી શકાય તે માટે અનુપ્રેક્ષા જોરદાર હોવી જોઈએ. અનુપ્રેક્ષા જેટલી મજબૂત હોય, ધર્મકથા એટલી જ બળવાન અને સફળ બને.

આપણે વ્યાખ્યાનમાં સાંભળીએ છીએ અને ગ્રંથોમાં વાંચીએ છીએ કે અમુક મુનિવરનું વ્યાખ્યાન સાંભળવામાત્રથી અમુક વ્યક્તિને વૈરાગ્ય થઈ ગયો. આનું કારણ તે વ્યાખ્યાનકાર મુનિની પ્રબળ અનુપ્રેક્ષા છે. આજે આવું બનતું દેખાતું નથી. કારણ કે આજે તો શું બોલીશું તો સારૂં લાગશે, શું બોલીશું તો લોકો વાહવાહ કરશે વગેરે તરફ લક્ષ્ય જતું રહ્યું છે.

ધર્મકથામાં બીજાને શાસન પમાડવાની ભાવના જોઈએ. ધર્મકથામાં કેવું સરસ બોલતાં આવડે છે તે નથી જોવાતું, પરંતુ કેવું શ્રુતાનુસારી બોલી શકાય છે તે જોવાય છે. સરસ બેલતાં આવડે એ ભાષણ કહેવાય. શાસન પમાડતાં આવડે એ ધર્મકથા કહેવાય.

ભૂતકાળમાં કોઈ મુનિના માત્ર એક જ વ્યાખ્યાનથી કોઈને વૈરાગ્ય થઈ જતો હતો એનું કારણ પ્રબળ અનુપ્રેક્ષા ઉપરાંત શ્રોતાને દિલથી શાસન પમાડી દેવાની ધગશ પણ રહેતી હતી. વ્યાખ્યાતા મુનિના મનમાં એક જ ધ્યેય હોય, એક જ લગની લાગી હોય કે શ્રોતા ધર્મ પામી જાય તો સારૂં. તેનું કલ્યાણ થઈ જાય તો સારૂં. આ ભાવનાથી વ્યાખ્યાનકાર મુનિઓ ધાર્યું પરિણામ લાવી શકતા હતા.

## . . . ઘટમાળ . . .

અજોડ શાસનપ્રભાવક પૂજનીય આચાર્ય શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીની ૧૩મી પુણ્યતિથિની ઊજવણી મુંબઈ વાલકેશ્વર ખાતે શેઠ ભેરુલાલ કનૈયાલાલ કોઠારી સંચાલિત શ્રી રામચંદ્રસૂરિ આરાધના ભવન, ચંદનબાલાના આંગણે દમામભેર કરવામાં આવી હતી. સિદ્ધહસ્તલેખક પૂજનીય આચાર્ય શ્રી વિજય પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીની પાવન નિશ્રામાં કરાયેલી આ ઊજવણીમાં ગુણાનુવાદ અને ભક્તિગીતો દ્વારા અંજલિ ઉપરાંત પ્રસંગની ગરિમાને અનુરૂપ કાર્યો થયાં હતાં. આ પ્રસંગે પૂજનીય ગચ્છાધિપતિ આચાર્ય શ્રી વિજય હેમભૂષણસૂરીશ્વરજી મહારાજશ્રી આદિ મુનિવરો પણ પધાર્યા હતા. ગુણાનુવાદસભા અનેક રીતે યાદગાર બની રહી હતી.

●

મુંબઈ ઘાટકોપર ખાતે જીરાવલા પાર્શ્વનાથ જૈન દેરાસરના ઉપક્રમે અંચલ ગચ્છાધિપતિ પૂજનીય તપસ્વીરત્ન આચાર્ય શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજની પાવન નિશ્રામાં 'સરળ સંવત્સરી પ્રતિક્રમણ વિધિ' પુસ્તકનું મહારાષ્ટ્રના ગૃહરાજ્યમંત્રી શ્રી કૃપાશંકરસિંહના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પુસ્તક પૂજનીય મુનિ શ્રી રાજરત્નસાગરજી મહારાજશ્રી દ્વારા તૈયાર કરાયું છે. આ અવસરે પૂજનીય આચાર્યશ્રીની નિશ્રામાં થયેલી માસક્ષમણ આદિ વિવિધ તપશ્ચર્યાઓના આરાધકોનું વિશિષ્ટ પ્રભાવનાઓ દ્વારા બહુમાન પણ કરવામાં આવ્યું હતું.

# જય જિનેન્દ્ર સ્વાધ્યાય સ્પર્ધા - ૮

નિયમ ૧. દરેક પ્રશ્નનો જવાબ 'ક' અથવા 'ક'ની બારાખડીથી શરૂ થતો હોવો જોઈએ. ૨. એકનો એક જવાબ બીજી વાર ન આવવો જોઈએ. ૩. છેકછાકવાળો જવાબ ખોટો ગણવામાં આવશે.

૧. અઢાર સંબંધો માટે પ્રખ્યાત સ્ત્રી-પુરુષનું જોડકું. ☐ ____________

૨. પર્યુષણમાં એકાગ્રતાથી શેનું શ્રવણ કરશો? ☐ ____________

૩. શેઠ તો ઘણા જોયા પણ આમની તોલે કોઈ ન આવે! ☐ ____________

૪. જિનેશ્વર ભગવાનને શેના કરનારા કહે છે? ☐ ____________

૫. કુમારપાળ પ્રતિબોધક હેમચંદ્રાચાર્યનું બિરુદ કયું? ☐ ____________

૬. સંસારમાં પરિભ્રમણ કરાવવામાં આનો ફાળો બહુ મોટો. ☐ ____________

૭. જૈનશાસનના સાચા આરાધકનું શું થાય? ☐ ____________

૮. સમવસરણના ત્રણ ગઢ પૈકી એક શેનો બનેલો હોય છે? ☐ ____________

૯. પ્રભુપૂજામાં વપરાતી અતિ ઊંચા દામવાળી સુગંધી વસ્તુ. ☐ ____________

૧૦. નવસ્મરણમાં આવતું એક સ્મરણ. ☐ ____________

૧૧. બાહ્યતપમાં આનો સમાવેશ થાય. ☐ ____________

૧૨. જગતમાં સૌથી બળવાન સત્તા કોની છે? ☐ ____________

૧૩. દુનિયાનો સૌથી મોટો ડિપાર્ટમેન્ટલ સ્ટોર. અહીં માગો તે મળે! ☐ ____________

૧૪. નાભિને રાજા કહેવાય કે નહીં, પણ તેમને 'આ' તો કહેવાય જ! ☐ ____________

૧૫. 'આ' જ્ઞાન મળી ગયા પછી બીજું કશું ન જોઈએ. ☐ ____________

૧૬. સાધુ-સાધ્વીઓ શેનું પાલન અવશ્ય કરે? ☐ ____________

૧૭. વ્યાખ્યાનમાં કેટલાકને બધું ગમે પણ કેટલાકને તો 'આ' જ ગમે! ☐ ____________

૧૮. શાસ્ત્રીય પરિભાષામાં મૃત્યુ કયા શબ્દથી ઓળખાય છે? ☐ ____________

૧૯. એ કોણ છે જેને કદી સપનું આવતું જ નથી? ☐ ____________

૨૦. તેરસના પ્રતિક્રમણમાં તમે 'આ' બોલશો કે નહીં? ☐ ____________

૨૧. ત્રણ ગુપ્તિઓ પૈકીની એક ગુપ્તિ. ☐ ____________

૨૨. કેટલુંક શ્રુત ઉત્કાલિક હોય જ્યારે કેટલુંક 'આ' હોય! ☐ ____________

૨૩. દેરાસરમાં શું કરતાં શરમ આવે તો કમભાગ્ય કહેવાય? ☐ ____________

૨૪. કેટલાક ગ્રંથો તાડપત્ર ઉપર લખેલા હોય છે, કેટલાક આની ઉપર. ☐ ____________

૨૫. જય જિનેન્દ્રના આ અંકમાં કઈ ભાવનાનો ઉલ્લેખ કરાયો છે? ☐ ____________

૨૬. મોટા જોગમાં સાધુઓને વહેલી પરોઢે શેની વિધિ કરવી પડે? ☐ ____________

૨૭. તમને દાદ આપવી પડે, જો તમે 'આ'ને શરબતની જેમ પીઓ! ☐ ____________

૨૮. નેમિનાથ પ્રભુના જન્મદિવસે કયો લૌકિક તહેવાર હોય છે? ☐ ____________

૨૯. પાંચ માસ અને પચ્ચીસ દિવસના ઉપવાસનું પારણું કયા નગરે? ☐ ____________

૩૦. માત્ર જ્ઞાનથી ન ચાલે, સાથે 'આ' પણ જોઈએ. ☐ ____________

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

# જય જિનેન્દ્ર સ્વાધ્યાય સ્પર્ધા - ૮

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

## સામા પાને દર્શાવેલી ખાલી જગ્યા ભરો અને આજે જ કાર્યાલયને રવાના કરો

**શરતો, નિયમો અને સૂચનાઓ :** આ સ્પર્ધા માત્ર નોંધાયેલા મેમ્બરો પૂરતી જ હોવાથી લવાજમ ભરીને નોંધાયેલા સભ્યો જ આ સ્પર્ધામાં ભાગ લઈ શકે છે. ● સભ્ય ન બન્યા હોય તેમણે મોકલેલા ઉત્તરો ઉપર ધ્યાન આપવામાં નહીં આવે. ● સમગ્ર વર્ષ દરમ્યાન કોઈ પણ મહિનાથી સભ્ય બની શકાય છે. ● સાદા કાગળ ઉપર સુવાચ્ય અક્ષરોમાં જવાબો મોકલી શકાય છે. ● અંકમાંથી પાનું ફાડીને મોકલવાની જરૂર નથી. ● છેકછાકવાળો જવાબ ખોટો ગણાશે. ● જવાબો મોકલનારે નીચે જણાવ્યા મુજબની વિગતો કાગળના મથાળે ડાબી બાજુએ સ્પષ્ટ અક્ષરે લખવી. આ વિગતો માત્ર ગુજરાતી અથવા હિંદીમાં જ લખવી. ● જવાબપત્રમાં નીચે જણાવેલી વિગતો અને જવાબોને બાદ કરતાં અન્ય કશું લખવું નહીં. ● એક વ્યક્તિ એક જ ઉત્તરપત્ર મોકલી શકશે. ● સાચા જવાબો મોકલનારની સંખ્યા એકથી વધુ હશે તો વિજેતાની પસંદગી ડ્રૉ દ્વારા કરવામાં આવશે અને આ બાબતમાં કોઈ સાથે સવાલ-જવાબ, દલીલબાજી, ચોખવટો કે પત્રવ્યવહારમાં ઊતરવામાં નહીં આવે. ● સ્પર્ધા બાબતે સંચાલકોનો નિર્ણય આખરી ગણાશે. સ્પર્ધાની શરતો, નિયમો અને સૂચનાઓમાં ગમે ત્યારે ફેરફાર, સુધારા, વધારા કરવાનો અને/અથવા સ્પર્ધાને ગમે ત્યારે રદબાતલ કરવાનો અબાધિત અધિકાર સંચાલકો પાસે રહેશે. ● અપૂરતી ટિકીટ લગાડેલાં કવરો સ્વીકારવામાં આવશે નહીં. ● તમે મોકલેલી એન્ટ્રી ટપાલમાં ખોવાય, નાશ પામે કે અન્ય રીતે તેને કોઈ નુકસાન થાય તે સંયોગોમાં જય જિનેન્દ્રની કોઈ જવાબદારી બનતી નથી. ● જય જિનેન્દ્ર માસિકના કર્મચારીઓ કે રિપોર્ટરો આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં. ● **તમારી એન્ટ્રી અહીં મોકલશો :** જય જિનેન્દ્ર, એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪, સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર, અમદાવાદ ૩૮૦૦૫૧.

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

**● તમારી એન્ટ્રી આજે જ મોકલો . . .**

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

નામ ____________________

સરનામું ____________________

____________________

ગામ ____________________ પિનકોડ નંબર ____________________

જિલ્લો ____________________ ફોન નંબર ____________________

જય જિનેન્દ્ર મેમ્બરશિપ નંબર ____________________

**આ સ્પર્ધાના વિજેતાને મળશે સુંદર નયનરમ્ય ફ્રેમ સાથે ૧૮૦૦ના મૂલ્યનું મહાપ્રભાવિક લક્ષ્મીધારા યંત્ર**

તમારી એન્ટ્રી સપ્ટેમ્બર, ૨૦૦૪ની આખર તારીખ સુધી અમને મળી જવી જરૂરી છે. તે પછી મળેલી એન્ટ્રીઓ રદબાતલ ગણાશે. ● સાચા જવાબો અને ઈનામોની જાહેરાત નવેમ્બર, ૨૦૦૪ના અંકમાં કરવામાં આવશે. ● **એન્ટ્રીના કવર ઉપર જય જિનેન્દ્ર સ્પર્ધા - ૮ લખવું જરૂરી છે.**

# અરર.. આ દિવ્યરત્નવિજયજી મહારાજને સૂઝયું તે ભદ્રબાહુસ્વામીજીને કેમ નહીં સૂઝયું હોય...

અધિક શ્રાવણ મહિનાની આખર સુધીમાં ગુજરાતમાં વરસાદનું એક ટીપુંયે નહોતું વરસ્યું. આખા ગુજરાતમાં કાગારોળ મચી ગઈ હતી. ચાતક અને વરસાદવાળી વાતની તો ખબર નથી, પણ ગુજરાતના લોકોની હાલત ચાતક જેવી જરૂર થઈ ગઈ હતી. ગામેગામ લોકો મંડી પડ્યા હતા. ક્યાંક વરસાદ લાવવા માટે ગધેડાઓનાં લગન કરાવાયાં હતાં તો ક્યાંક વળી ખેતરોમાં મધરાતે સ્ત્રીઓએ કપડાં ઊતારી નાખીને ખેતી કરી હતી. ક્યાંક હવન તો ક્યાંક પૂજાપાઠ. કેટલાક લોકોએ ખુદાને દુઆઓ ગુજારી હતી. કોકે તો વળી મલ્હાર રાગ ગાયાની વાતોયે કાને આવી હતી.

હોય. સંસારી માણસો ગધેડાઓને પૈણાવે એમાં આપણાથી વાંધો ન લેવાય. વરસાદ માટે મહિલાઓએ જે કર્યું તે બધું ક્ષંતવ્ય ગણાય. અને હોમ, પૂજાપાઠ, પ્રાર્થના, ગાયત્રી, ભક્તિસંધ્યા, દુઆ વગેરે વગેરે વગેરે... નો પ્રોબ્લેમ.

પ્રોબ્લેમ હવે આવે છે. ગુજરાતસમાચારની ભાવનગર આવૃત્તિનું કટિંગ અમારી સામે પડ્યું છે. તારીખ પાંચ ઑગસ્ટની લાઈન સાથેના સમાચારોનું શીર્ષક કહે છે કે *'પાલીતાણામાં જૈનાચાર્યોના મેઘરાજાને મનાવવા અનુષ્ઠાનનો પ્રભાવ પડ્યો'* આ ઇટાલિક્સમાં કોઈ વાક્યદોષ હોય તો અમને ન કહેવું. અમે તો જેમનું તેમ છાપ્યું છે. છાપામાંની વિગતોમાં નજર કરતાં આટલી બાબતો ધ્યાન ખેંચે છે –

**૧.** વરસાદ લાવવા માટે મુનિ શ્રી દિવ્યરત્નવિજયજીએ અનુષ્ઠાન કર્યું હતું. **૨.** ઉપરોક્ત મુનિશ્રી સુપ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજની પરંપરામાં ઊતરી આવ્યા છે. **૩.** અનુષ્ઠાન બાદ તરત જ વરસાદ આવ્યો હતો. **૪.** ઠેઠ મહારાષ્ટ્ર, કચ્છ, રાજસ્થાન અને મધ્યપ્રદેશ જેવા દૂરના વિસ્તારોમાં પણ 'આના પ્રભાવથી' વરસાદની મહેર થઈ હતી. **૫.** છાપામાં 'આણંદજી કલ્યાણજીની પેઢીના સલાહકાર' તરીકે ઓળખાવાયેલા જે. બી. પરીખે વરસાદ માટેના આ અનુષ્ઠાનમાં પૂજન કર્યું હતું. **૬.** આ અનુષ્ઠાન કોઈ ખૂણેખાંચરે નહીં પણ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં આવેલા 'દેરાસરમાં' થયું હતું. **૭.** ઉપરોક્ત મુનિશ્રીએ બે વરસ અગાઉ પણ અમદાવાદના કૃષ્ણનગરમાં 'આ જ રીતે' વરસાદ લાવી બતાવ્યો હતો. શાબ્બાશ.

વાચકોને એમ થશે કે આમાં પ્રોબ્લેમ ક્યાં આવ્યો? ખમો, કહું છું.

ભદ્રબાહુસ્વામી (ન ઓળખ્યા? ચૌદપૂર્વધર, શ્રુતકેવલી, અગણિત શક્તિઓના સ્વામી)ના વખતમાં મહાભયંકર બાર વરસનો (રિપિટ, બાર વરસનો) દુકાળ પડ્યો હતો. વરસાદનું ટીપુંયે વરસ્યું નહોતું. એમને મુનિ શ્રી દિવ્યરત્નવિજયજી જેવો વરસાદ લાવવાનો ખ્યાલ કેમ નહીં આવ્યો હોય? એકાદ વરસ ભૂલી ગયા હોય એમ બને. પણ બીજું વરસ, ત્રીજું વરસ, ચોથું વરસ... એ મહાભયંકર દુકાળમાં કેટલાં બધાં નુકસાન થયાં? પાણી ન પડવાથી લાખો લોકો મરી ગયા. દુકાળના પાપે આગમધર સાધુઓ પોતાનું જ્ઞાન ભૂલી ગયા. કેટલાયે આગમધર સાધુઓ કાળધર્મ પામી ગયા. બારમું અંગ સદંતર નષ્ટ થઈ ગયું. દ્વાદશાંગી ખંડિત થઈ ગઈ. જે અગિયાર અંગો બચ્યાં તે પણ જુદા જુદા મુનિઓએ પોતપોતાની થોડી થોડી યાદદાસ્ત ઉપરથી મહામુસીબતે સંકલિત કર્યાં. મતલબ કે કોઈ એક મુનિને તો અગિયાર અંગોય કંઠસ્થ રહ્યાં નહોતાં. દુકાળના કારણે એક સમયના તવંગર માણસોને દરદર ભટકવું પડ્યું. આટલું બધું થઈ ગયું તોય ભદ્રબાહુસ્વામીજીએ કેમ કશું કર્યું નહીં

હોય? આનો સાચો જવાબ તો મુનિ શ્રી દિવ્યરત્નવિજયજી મહારાજ જ આપી શકે.

મુનિ શ્રી દિવ્યરત્નવિજયજી મહારાજ એક જ વરસની વિકટ પરિસ્થિતિથી દ્રવી ઊઠ્યા. આવું દયાળુપણું બતાવવામાં ભદ્રબાહુસ્વામીનું શું બગડી જતું હતું? બાર બાર વરસના દુકાળ પછીયે ભદ્રબાહુસ્વામીજી પીગળે નહીં એ કેવું કહેવાય.

છાપામાં જોકે એ ચોખવટ નથી કરાઈ કે વરસાદ લાવવા માટે ગધેડા પરણાવનાર, મેઘરાજાને રીઝવવા માટે ખુલ્લા શરીરે અંધારી રાતે ખેતી કરનાર અને બીજાં પણ અનેક જાતનાં નાનાં-મોટાં અનુષ્ઠાન કરનાર લોકોએ આ મામલે શો અભિપ્રાય આપ્યો છે. અમને લાગે છે કે એ લોકોનું વહેલી તકે ધ્યાન દોરવું જોઈએ કે 'આ વરસાદ મુનિ શ્રી દિવ્યરત્નવિજયજીના શુભ પ્રયત્નોથી આવ્યો છે. તમે જે કર્યું તેનાથી નહીં.'

અને પેઢી. જેમ સરકારી નોકરો પોતાના ફાળે આવેલી જવાબદારીઓ સિવાયનાં કામો કરવા માટે પ્રખ્યાત છે (ગેરસમજ ન કરવી, આપણે ખાલી ભારતની વાત કરીએ છીએ) તેમ પેઢીના કર્મચારીઓ પણ ઇતર પ્રવૃત્તિઓ માટે જાણીતા છે. અને આ જે. બી. પરીખ તો પાછા 'આણંદજી કલ્યાણજીની પેઢીના સલાહકાર' હોય એટલે એમના ફાળે તો આમેય સલાહો આપવા સિવાય બીજું કંઈ કરવાનું હોય પણ નહીં. એટલે એમનેય નવરાશની પળોમાં પેઢીના બદલે મેઘરાજાને સલાહ આપવાનું મન થયું હશે. હવે મેઘરાજાને સીધેસીધી તો સલાહ – 'ભઈલા, વરસ ને, આવું શું કરે છે?' – આપી શકાય જ નહીં (ડાયરેક્ટ ડાયલિંગના અભાવે) એટલે સામાન્ય માણસ જેમ દલાલના શરણે જાય તેમ તેઓને ખબર પડી ગઈ કે આ કામ માટે આપણે મુનિ શ્રી દિવ્યરત્નવિજયજી મહારાજના શરણે જવું જોઈએ. ગયા. અને દયાના મહાસાગર એવા મુનિશ્રીએ લાવી દીધો વરસાદ. વરસાદ પણ પાછો કેવો? સનત જયસૂર્યની બેટિંગ જેવો. ગાભા કાઢી નાખ્યા. કાઢી જ નાખે ને. છાપાના હેવાલ પ્રમાણે તા. ૧૫ જુલાઈથી છેક ૧૦ ઑગસ્ટ સુધી ચાલે એવું લાં...બું... અનુષ્ઠાન કરો પછી તો મેઘરાજાના લાંબો સમય ધામા નાખે જ ને! એમને 'હવે બસ' એમ કહેવા માટે પાછું બીજું લાં...બું... અનુષ્ઠાન કરવું પડે!

હવે આપણે ત્રણ કામો બીજાં ય કરવાનાં રહેશે. દાળ ભેગી ઢોકળી. કામ નંબર એક – કચ્છ કાયમ માટે દુકાળિયો પ્રદેશ છે. અને મુનિ શ્રી દિવ્યરત્નવિજયજીના વડદાદાગુરુ પૂજનીય આચાર્ય શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજના કચ્છના વાગડ પ્રદેશ ઉપર અગણિત ઉપકારો છે. એટલે એ પ્રદેશ ઉપર તો મુનિશ્રીએ અંગત રીતે ધ્યાન આપવું પડે. એમને વિનંતી કે હવે પછી કચ્છમાં કોઈ વરસ વરસાદ વિનાનું ન રહે તેવી ગોઠવણ મેઘરાજા સાથે કરી લેશો. કામ નંબર બે – પર્યુષણ પર્વમાં કલ્પસૂત્રનાં પ્રવચનો વખતે ઋજુ અને જડ જીવોનાં દૃષ્ટાંત આપતી વખતે, *'અરેરે, ખેતીની દેખરેખના અભાવે બિચારા મારા પ્રમાદી દિકરાઓનું શું થતું હશે'* એવું 'જીવદયાપ્રેરિત' ચિંતન કાઉસ્સગ્ગમાં કરનારા મુનિના પ્રસંગમાંથી આર્તધ્યાનવાળો મુદ્દો સમગ્ર શ્રમણસંઘે પડતો મૂકવાનો. કારણ કે ખેતીની ચિંતા કરવી અને વરસાદની ચિંતા કરવી એમાં તાત્ત્વિક રીતે કંઈ ફરક નથી. કામ નંબર ત્રણ – જેમ પાલીતાણા બેઠાં બેઠાં છેક મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર સુધી વરસાદ વરસાવી શકાય તો પછી થોડું વધારે જોર લગાડીને, જ્યાં મોટે ભાગે વરસાદ હોતો જ નથી એવા ઇથિયોપિયા વગેરે પ્રદેશોમાં પણ વરસાદ લાવવો જોઈએ. એમ કરવાથી સૌથી મોટો ફાયદો એ થશે કે મુનિશ્રી કરોડો માણસોને જૈન ધર્મ પમાડી શકશે. ઓસિયાંજી અને ભિન્નમાલમાં જૈનાચાર્યોએ ભૂતકાળમાં લાખો લોકોને જૈન બનાવ્યા એ ઇતિહાસ હવે જૂનો થઈ ગયો. મુનિ શ્રી દિવ્યરત્નવિજયજી મહારાજ પાસેથી આપણને નવો ઇતિહાસ રચાય તેની પ્રતીક્ષા છે. હવે જે લોકો સામૂહિક રીતે જૈન ધર્મ સ્વીકારશે તેની સંખ્યા લાખોમાં નહીં, કરોડોમાં હશે. इति.

# જય જિનેન્દ્ર

જય જિનેન્દ્રનો આ અંક આપના હાથમાં આવશે ત્યારે પર્વાધિરાજ પર્યુષણ નજીક આવી ગયાં હશે અને અમારા આગામી અંક પૂર્વે તે સમાપ્ત થઈ ગયાં હશે. જય જિનેન્દ્રને પોતાનું માનીને અમને પ્રત્યક્ષ અને પરોક્ષ સહયોગ આપનારા પૂજનીય ગુરુ ભગવંતો, જય જિનેન્દ્ર પ્રત્યે આત્મીયતા ધરાવનારા માનવંતા સભ્યો, વાચકો, શુભેચ્છુઓ, વગેરે સાથે વીતેલા વર્ષ દરમ્યાન અમારાથી કોઈ અયોગ્ય વ્યવહાર થયો હોય, કોઈનું મન દુભાયું હોય તો આ દ્વારા અમે પરમપિતા વીતરાગ પ્રભુની સાક્ષીએ 'મિચ્છા મિ દુક્કડં' કરીએ છીએ.

**નિવેદક : સમગ્ર જય જિનેન્દ્ર પરિવાર**

## જૈન જૈનેતર દરેકને ભાવભીની વિનંતી

આપનાં ઘરોમાં કોઈ સંસ્કારી મેગેઝિનો આવતાં હોય તો કૃપા કરીને બે-ચાર રૂપિયાની લાલચમાં પસ્તીમાં કાઢી નાખશો નહીં, પરંતુ તે સાહિત્ય જય જિનેન્દ્ર કાર્યાલયને ભેટ રૂપે મોકલી આપશો. અમારા કાર્યાલય દ્વારા, પામતા પહોંચતા ન હોય તેવા સેંકડો વૃદ્ધજનોને નવરાશની પળોમાં વાંચવા લાયક સાહિત્ય વિના મૂલ્યે આપવામાં આવે છે. અમે આપની દ્વારા મોકલાયેલાં સંસ્કારી મેગેઝિનો એ વૃદ્ધજનોને વાંચવા આપીશું. આપને એ વૃદ્ધજનોના મૂંગા આશીર્વાદ મળશે અને એમનો સમય સારી પ્રવૃત્તિમાં વીતે એ માટે આપ અજાણપણે નિમિત્તરૂપ બની રહેશો અને તે રીતે એક વિશિષ્ટ પુણ્યના ભાગીદાર પણ બની શકશો.

## ધ લાસ્ટ બાઇટ...

**બોધપાઠ**

સત્યના માર્ગે ચાલનારની પ્રશંસા કરવી અને તેને સમર્થન આપવું બહુ સરળ છે, સિવાય કે તે જીવતો હોય!

●

**સ્પંદન**

અશ્રુની વાત ટૂંકમાં કેવી રીતે કહું;
અય દોસ્ત, એ તો સાત સમંદરની વાત છે.

*– રુસ્વા મઝલૂમી*

●

**ના હોય!**

**શૈલુ :** ''આ જુઠ્ઠું બોલવાનું બંધ કરવું બહુ અઘરૂં છે હો!''
**અસ્તકીર્તિ :** ''એવું કોણે કહ્યું? મેં મારા જીવનમાં સેંકડો વખત 'જુઠ્ઠું ન બોલવું' તેવી પ્રતિજ્ઞા લઈ દેખાડી છે!''

### !! अहो कार्टुनम्




Printed, Published and Owned by Nirved Acharya, F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380051
Printed at Shivkrupa Offset Printers, 27 Amrut Industrial Estate, Nr. Dudheshvar Water Tank, Amdavad